# ઇમ્યુનોથેરાપી : રામબાણ ઈલાજ, પરંતુ યોગ્ય પસંદગીથી મળતો વૈજ્ઞાનિક અને વ્યકિતગત ઉપચાર



છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્સર સારવારના ક્ષેત્રમાં સૌથી મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી વિકાસ જો કોઇ થયો હોય તો તે છે ઇમ્યુનોથેરાપી. ઘણી વખત દર્દીઓ અને તેમના પરિવારજનો ઈમ્યુનોથેરાપીને 'ચમત્કારિક ટ્રીટમેન્ટ' અથવા એક જ એવી દવા તરીકે માને છે કે જે દરેક પ્રકારના કેન્સરમાં કામ કરે. પરંતુ આ સમજણ સંપૂર્ણપણે ખોટી છે. ઈમ્યુનોથેરાપી કોઇ એક દવા નથી - તે દવાઓનો એક વિશાળ સમૂહ છે અને દરેક દવા ખાસ પ્રકારના કેન્સર, તેનું સ્ટેજ અને દર્દીની બાયોલોજીકલ સ્થિતિ મુજબ જ અસરકારક બને છે.

ઈમ્યુનોથેરાપીનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે તે શરીરની પોતાની રોગપ્રતિકારક શક્તિને સક્રિય બનાવીને કેન્સર સામે લડવામાં મદદ કરે છે. સામાન્ય રીતે, આપણું રોગપ્રતિકારક તંત્ર શરીરમાંથી અસામાન્ય કોષોને ઓળખીને દૂર કરવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ કેન્સર કોષો ઘણી વખત એવી રીતે વિકસે છે કે જેથી તેઓ રોગપ્રતિકારક તંત્રથી છુપાય જાય છે. ઈમ્યુનોથેરાપી, ખાસ કરીને 'ઈમ્યુન ચેકપોઈન્ટ ઈનહિબિટર્સ' આ છુપાવાની પ્રક્રિયાને અટકાવે છે અને ઈમ્યુન સિસ્ટમ એટલે કે રોગપ્રતિકારક તંત્રને ફરી સક્રિય બનાવે છે, જેથી શરીર પોતે કેન્સર સામે લડી શકે.

આ સારવાર પધ્ધતિ કેમોથેરાપીથી સંપૂર્ણપણે અલગ છે. કેમોથેરાપી સીધા કેન્સર કોષોનો નાશ કરે છે, પણ સાથે સાથે સામાન્ય કોષો પર પણ અસર કરે છે. જેના કારણે વાળ ખરવા, ઉલ્ટી અને બ્લડ કાઉન્ટ ઘટવું જેવી સાઇડ ઈફેક્ટસ જોવા મળે છે. જ્યારે ઈમ્યુનોથેરાપી શરીરની અંદરથી જ રક્ષણાત્મક શક્તિ વધારતી હોવાથી કેટલીક પરિસ્થિતિઓમાં લાંબા ગાળાનો અને ટકાઉ પ્રતિભાવ આપી શકે છે. ઘણા દર્દીઓમાં સારવાર બંધ થયા પછી પણ લાંબા સમય સુધી કેન્સર કંટ્રોલમાં રહે છે. પરંતુ આ દરેક દર્દીમાં થાય એવું નથી - તે સંપૂર્ણપણે કેન્સરના પ્રકાર અને બાયોલોજી પર આધારિત છે.

અહીં એક ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો સમજવો જરૂરી છે કે દરેક કેન્સર માટે દરેક ઈમ્યુનોથેરાપી યોગ્ય નથી. આજે બજારમાં અનેક ઈમ્યુનોથેરાપી દવાઓ ઉપલબ્ધ છે; જેમ કે પેમ્બ્રોલિઝુમેબ, નિવોલુમેબ, એટેઝોલિઝુમેબ, ડ્યુરવાલુમેબ, ઈપિલિમુમેબ (Pembrolizumab, Nivolumab, Atezolizumab, Durvalumab, Ipilimumab) વગેરે. દરેક દવા માટે ચોક્કસ 'Approved Indications' હોય છે, એટલે કે કયા કેન્સરમાં, કયા સ્ટેજમાં અને કઈ પરિસ્થિતિમાં તે ઉપયોગી છે તે વૈજ્ઞાનિક અભ્યાસ અને આંતરરાષ્ટ્રીય ગાઈડલાઈન્સ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

ઉદાહરણ તરીકે કેટલાક ફેફસાંના કેન્સરમાં PD-L1 વધુ હોય ત્યારે Pembrolizumab ખૂબ અસરકારક હોય શકે છે. Nivolumab કિડની કેન્સર, મેલાનોમા અને હેડ-નેક કેન્સરમાં ઉપયોગી હોય શકે છે. Atezolizumab ફેફસાં અને બ્લેડર કેન્સરમાં ખાસ પરિસ્થિતિમાં ઉપયોગી થઈ શકે છે. Durvalumab કેટલાક કેસમાં કેમોરેડિએશન પછી આપવામાં આવે છે. આ તમામ ઉપયોગો મોટા ક્લિનિકલ ટ્રાયલ્સ અને ડેટા પર આધારિત છે- એટલે આ દવાઓને મનમાની રીતે એકબીજાની જગ્યાએ બદલી શકાતી નથી.

આ માટે બાયોમાર્કર ટેસ્ટીંગ પણ ખૂબ મહત્વપૂર્ણ છે. PD-L1, MSI, dMMR, TMB જેવા ટેસ્ટ દ્વારા આપણે અંદાજ લગાવી શકીએ કે દર્દીને ઈમ્યુનોથેરાપીથી કેટલો લાભ મળશે. આ ટેસ્ટ વગર યોગ્ય દવા પસંદ કરવી મુશ્કેલ બને છે અને પરિણામો ઓછા સારા મળી શકે.

અહીં મેડીકલ ઓન્કોલોજીસ્ટની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. કયા દર્દીને કઇ દવા આપવી, ક્યારે આપવી અને કેટલી અસર થશે તે માત્ર અનુભવી ઓન્કોલોજીસ્ટ જ નક્કી

**કેન્સરથી મોટી જિંદગી**
**ડો. કૌશલ પટેલ**

કરી શકે છે. આ નિર્ણય દર્દીની સંપૂર્ણ સ્થિતિ, રોગની જાત, સ્ટેજ, અગાઉની સારવાર અને બાયોલોજીકલ ફેક્ટર્સને ધ્યાનમાં રાખીને લેવામાં આવે છે.

હાલમાં ભારતમાં અને વિશ્વમાં નવી નવી ઈમ્યુનોથેરાપી દવાઓ બજારમાં આવી રહી છે. જેમાં કેટલીક ચાઈનીઝ મોલેક્યુલ પણ સમાવિષ્ટ છે. આથી દર્દીઓમાં એક ભ્રમ ઉભો થાય છે કે 'ઈમ્યુનોથેરાપી છે એટલે કામ તો કરશે જ.' પરંતુ આ સંપૂર્ણપણે ખોટી

**ઇમ્યુનોથેરાપી એક અત્યંત શક્તિશાળી અને આશાજનક સારવાર છે, પરંતુ તે 'રામબાણ ઇલાજ' નથી. યોગ્ય દર્દી, યોગ્ય દવા અને યોગ્ય સમય - આ ત્રણેય બાબતોનું સંયોજન જ શ્રેષ્ઠ પરિણામ આપે છે**

માન્યતા છે. ઈમ્યુનોથેરાપી દરેક દર્દીમાં કામ કરતી નથી. કેટલાક દર્દીઓમાં તે ચમત્કારિક પરિણામ આપે છે, જ્યારે કેટલાકમાં બિલકુલ અસર કરતી નથી.

ખર્ચ અંગે પણ એક મહત્ત્વપૂર્ણ બાબત સમજવી જરૂરી છે. ઘણા લોકો માને છે કે મોંઘી દવા એટલે વધુ સારી સારવાર. પરંતુ વાસ્તવમાં, દવાની અસર તેની કિંમત પર નહીં, પરંતુ તે યોગ્ય દર્દી માટે યોગ્ય છે કે નહીં તેના પર આધારિત છે. ઘણીવાર ઓછી કિંમતની દવા યોગ્ય પરિસ્થિતિમાં વધુ સારી અસર આપી શકે છે.

પરંતુ બીજી તરફ એક ખૂબ જ મહત્વપૂર્ણ ચેતવણી છે - જો કોઈ ખાસ કેન્સર માટે ચોક્કસ ઈમ્યુનોથેરાપી જ જરૂરી હોય અને તે દર્દીના બજેટ બહાર હોય, તો ફક્ત સસ્તી ઈમ્યુનોથેરાપી લેવાનો કોઈ અર્થ નથી. ઉદાહરણ તરીકે, જો રૂા.૨ લાખની દવા જરૂરી હોય અને દર્દી રૂા. ૫૦,૦૦૦ ની બીજી ઈમ્યુનોથેરાપી લે, જે તે કેન્સર માટે માન્ય નથી. તો તે સારવારથી લાભ મળવાની શક્યતા ખૂબ ઓછી છે. તે માત્ર પૈસાનો વ્યય અને ખોટી આશા બની શકે છે. એટલે ખૂબ જ સ્પષ્ટ રીતે સમજવું જોઇએ કે ઈમ્યુનોથેરાપી એકબીજાની જગ્યાએ બદલી શકાય તેવી નથી. દરેક દવા તેની પોતાની ચોક્કસ ભૂમિકા ધરાવે છે અને ગાઈડલાઈન્સ મુજબ જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

સાથે સાથે, દરેક દર્દી ઈમ્યુનોથેરાપી માટે યોગ્ય હોય એવું પણ નથી. કેટલીક બિમારીઓમાં અથવા કેટલીક શારીરિક પરિસ્થિતિઓમાં ઈમ્યુનોથેરાપી જોખમી પણ બની શકે છે. તેની ખાસ સાઈડ ઈફેક્ટ્સ પણ હોય છે - જેમ કે ફેફસાંમાં સોજો (Pneumonitis), લિવરમાં અસર (Hepatitis), આંતરડામાં સોજો (Colitis), ત્વચા પર અસર અથવા થાઈરોઈડમાં ફેરફાર. આ માટે યોગ્ય મોનિટરીંગ અને સમયસર સારવાર જરૂરી છે.

ઘણા કેસમાં, ઈમ્યુનોથેરાપી કેમોથેરાપી અથવા ટાર્ગેટેડ થેરાપી સાથે મળીને પણ આપવામાં આવે છે. જેથી વધુ સારું પરિણામ મળે. પરંતુ આ તમામ નિર્ણય વૈજ્ઞાનિક ડેટા પર આધારિત હોય છે અને દરેક દર્દી માટે અલગ હોય છે.

યોગ્ય માર્ગદર્શન સાથે, ઈમ્યુનોથેરાપી જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે. પરંતુ ખોટી પસંદગી અથવા અપૂર્ણ માહિતીના આધારે લેવામાં આવેલા નિર્ણયોથી તે જ સારવાર બિનઅસરકારક બની શકે છે. તેથી વૈજ્ઞાનિક આધાર, ગાઈડલાઈન્સ અને નિષ્ણાંત સલાહ -આ ત્રણ પર આધારિત સારવાર જ સચોટ અને અસરકારક છે.

**ડિસ્કલેમર:**

આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. વ્યક્તિગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને કવોલીફાઇડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.




# શિયાઓ પાછળ બૉમ્બ લઈને કોણ પડ્યું છે? ઈઝરાયેલ-અમેરિકા? ના!

વર્તમાનમાં ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલે આક્રમણ કર્યું છે. ઈરાન એટલે શિયા બહુલ દેશ. ઈરાનના પંથીય વડા આયાતોલ્લાહ ખામેનેઈ, સુરક્ષા વડા અલી લારિજાની સહિતના મોટા નેતાઓ માર્યા ગયા છે. એમ કહેવાય છે કે અમેરિકા અને ઈઝરાયેલ મુસ્લિમ દેશોના શત્રુ છે. ભારતમાં જ્યારે મુસ્લિમોના તહેવારો કે પ્રદર્શન હોય ત્યારે કેટલાક લોકો અમેરિકા અને ઈઝરાયેલ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા હોય છે.

એ વાત સાચી છે કે અમેરિકાએ સુન્ની આધિપત્યવાળા સાઉદી અરેબિયા, યુએઈ, પાકિસ્તાન, કંઈક અંશે અફઘાનિસ્તાનને પોતાની તરફે રાખ્યા છે અને ઈરાનને સદા લક્ષ્ય બનાવ્યું છે. પરંતુ તેની શરૂઆત ઈરાન તરફથી થઈ. આયાતોલ્લાહ ખોમૈની આવ્યા પછી ઈરાન અમેરિકા વિરોધી રહી છે. ઈરાનને સામ્યવાદી સોવિયેત સંઘ (આજનું રશિયા) અને ચીનનો સાથ મળ્યો છે. વિરોધાભાસ જુઓ, આ જ સોવિયેત સંઘે બીજા વિશ્વયુદ્ધમાં યુકે સાથે મળીને ઈરાન પર આક્રમણ કર્યું હતું. તે પછી શાસન પલટાયું. રાજા મોહમ્મદ રઝા પહેલવીનું શાસન આવ્યું અને અમેરિકા-બ્રિટન સાથે સંબંધો સુધર્યા. પરંતુ ઈસ્લામિક વડા આયાતોલ્લાહ ખોમૈનીના બળવા પછી ઈરાને અમેરિકા વિરોધી વલણ અપનાવ્યું. આથી ૧૯૮૦થી બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો પણ નથી.

બીજી તરફ, ઈઝરાયેલ અને ઈરાન એક સમયે સાથે-સાથે એ રીતે હતા કે જ્યારે ઈઝરાયેલ પર બેબિલૉનના રાજા નેબુચદનનાઝીરે આક્રમણ કરી સોલોમનનું મંદિર તોડી નાખ્યું હતું તે પછી પર્શિયા (આજના ઈરાન)ના રાજા સાઈરસ મહાને આક્રમણ કરી બેબિલૉનના રાજાને હરાવ્યો હતો અને સોલોમનના મંદિરને પુનઃ બાંધવા દીધું હતું. તે પછી સિકંદર, રૉમન રાજા પૉમ્પી, ખ્રિસ્તી રાજા કૉન્સ્ટેન્ટિન વગેરેએ આક્રમણ કર્યું, ઈઝરાયેલ બાયઝેન્ટાઈન સામ્રાજ્ય હેઠળ આવ્યું તે પછી ઈ. સ. ૬૧૧માં ફરીથી પર્શિયા (આજના ઈરાન)ના રાજા ખોશરોએ આક્રમણ કર્યું જેને યહૂદીઓએ ટેકો આપ્યો હતો. પરંતુ તે વખતે પર્શિયા પારસીઓનું હતું. આરબ મુસ્લિમોએ ઈ. સ. ૬૩૩માં આક્રમણ કરી ઈરાનને ઈસ્લામિક બનાવી દીધું તે પછી ધીમેધીમે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે અંતર આવતું ગયું.

આનું કારણ ખબર છે? ઈરાન, ઈરાક અને અઝરબૈજાન જેવા ત્રણ-ચાર દેશોને બાદ કરતાં મોટા ભાગના સુન્ની બહુમતી અને વર્ચસ્વવાળા દેશો છે. આ દેશોમાં શિયાઓની હત્યા, તેમને ફાંસી આપવી બહુ સામાન્ય વાત છે. આ દેશોમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં શિયાઓની મોટા પાયે હત્યાનું ઘટનાચક્ર જુઓ.

» **સાઉદી અરેબિયા** : ૧. ૧૯૭૯થી ૧૯૮૩માં શિયાઓ પર તડાપીટ બોલી. ૨૧૯ને મારી નાખ્યા. ૨. ૨૦૧૫માં શિયાઓના પવિત્ર તહેવાર અશુરામાં આઈએસના આક્રમણમાં પાંચનાં મૃત્યુ થયાં. ૩. ૨૦૧૬થી ૨૦૨૪ વચ્ચે કાતીફમાં ૯૩ શિયાઓને ત્રાસવાદના આરોપસર મારી નાખ્યા, શિયાઓના ટોચના પંથ વડા શૈખ નિમ્ર અલ નિમ્રને ફાંસી આપી.

» **યુએઈ:** યુએઈમાં પાકિસ્તાની શિયાઓ અદૃશ્ય થઈ જવા અથવા તેમને પાકિસ્તાન પાછા મોકલી દેવા સામાન્ય છે. આ ઉપરાંત ૨૦૦૯થી ૨૦૧૬ વચ્ચે યુએઈએ સેંકડો લેબેનીઝ શિયાઓને કોઈ કાયદેસર પ્રક્રિયા વગર પાછા મોકલી આપ્યા હતા. ઈ. સ. ૨૦૧૯માં અનેક લેબેનીઝ શિયાઓની અટકાયત થઈ હતી અને તેઓ અદૃશ્ય થઈ ગયા હતા. અનેક પર ત્રાસવાદના આરોપ મૂકી તેમને સજા આપવામાં આવી હતી. યુએઈ આવું માત્ર પાકિસ્તાની કે લેબેનીઝ શિયાઓ સાથે જ નહીં, ઈરાકી કે અફઘાની શિયાઓ સાથે પણ કરે છે.

**અબીલ ગુલાલ**
**જયવંત પંડયા**

» **ઓમાન** : ૧૫ જુલાઈએ મસ્કતમાં શિયા મસ્જિદમાં ગોળીબારમાં છ માર્યા ગયા હતા અને ૨૮ ઘાયલ થયા હતા.

» **બહરૈન** : ૨૦૧૫માં બહરૈનમાં બૉમ્બ ધડાકા માટે ત્રણ શિયાઓને ફાંસીની સજા થઈ હતી.

» **યમન** : યમનમાં ગૃહ યુદ્ધમાં હજારો શિયા માર્યા ગયા છે.

» **સિરિયા** : સિરિયામાં બશર અલ અસાદના શાસનના પતન પછી સુન્નીઓના હાથે સેંકડો શિયાઓ મૃત્યુ પામ્યા છે.

**વર્તમાનમાં ઇઝરાયેલ-અમેરિકાએ ઈરાન પર આક્રમણ કર્યું છે એટલે એવું લાગે કે શિયા બહુલ ઈરાન પાછળ આ બે દેશો પડેલા છે પરંતુ ઇતિહાસ કંઈક અલગ જ કહે છે**

» **ઈરાક** : ૧. ૧૨ જૂન ૨૦૧૪ના દિને આઈએસઆઈએસે ઈરાકી સેનાના દસ હજાર લોકોને પકડ્યા. તેમાં ૧૦૯૫થી લઈ ૧,૭૦૦ને મારી નાખ્યા.

૨. ૨૦૧૬માં હિલ્લા પાસે ટ્રક બૉમ્બ ફાટતાં ૭૭ લોકો માર્યા ગયા. તેમાં મોટા ભાગના ઈરાની યાત્રાળુઓ હતા.

૩. ૨૦૧૭માં નસીરીયાહ પાસે આત્મઘાતી આક્રમણમાં ૫૦ શિયાનાં મૃત્યુ થયાં.

૪. ૨૦૨૧માં શિયા વિસ્તારમાં બૉમ્બ ધડાકામાં ૩૦નાં મૃત્યુ થયાં.

» **ઈજિપ્ત** : ૧. ઈજિપ્તના અબુ મુસ્લિમ ગામમાં ૨૦૧૩માં સલાફી સુન્ની સહિતના ૩,૦૦૦નાં ટોળાંએ ચાર શિયાઓને મારી નાખ્યા.

૨. ઈજિપ્તમાં ૨૪ નવેમ્બર ૨૦૧૭ના દિને ઉત્તર સિનાઈમાં અલ રાવડા મસ્જિદમાં બૉમ્બ ધડાકામાં ૩૧૧ શિયાઓનાં મૃત્યુ થયાં.

» **પાકિસ્તાન** : ૧. પાકિસ્તાનમાં ૧૯૮૭થી ૨૦૦૭ દરમિયાન ૪,૦૦૦ શિયાઓ માર્યા ગયા. હિન્દુ-ખ્રિસ્તી વિરુદ્ધ લડનાર ત્રાસવાદી સંગઠન હોય તે તો સમજાય પણ શિયાઓ વિરુદ્ધ લડનારું ત્રાસવાદી સંગઠન લશ્કર એ જહાંગવી અને સિપાહ એ સહાબા છે! ૨. ૨૦૦૮ પછી સલાફી/દેવબંદી ઉગ્રવાદીઓએ હજારો શિયાઓની હત્યા કરી. ૩. ૨૦૧૩માં અબાસ શહેર બૉમ્બ ધડાકામાં ૪૫, ૨૦૧૩ના ક્વેટ્ટામાં બે બૉમ્બ ધડાકામાં ૨૦૦થી વધુ, ૨૦૧૫ના શિકારપુર મસ્જિદ આક્રમણમાં ૬૧નાં મૃત્યુ થયા.

https://www.satp.org/satporgtp/countries/pakistan/database/Shias^killed^Pakistan.htm પર આખો દિનાંક સાથે ડેટા મળી જશે.

» **અફઘાનિસ્તાન** : ૧. ૧૯૯૭-૯૮માં પાકિસ્તાનના પઢાવેલા પોપટ જેવા તાલિબાનો સત્તામાં આવ્યા પછી મઝાર એ શરીફ અને બામિયાનમાં હજારો શિયાઓનો નરસંહાર કરાયો. ૨. અફઘાનિસ્તાનમાં ૨૪ જુલાઈ ૨૦૧૬એ આત્મઘાતી બૉમ્બ ધડાકામાં ૮૦ શિયાનાં મૃત્યુ. ૩. ૧૧ ઑક્ટોબર ૨૦૧૬એ ૧૪ શિયાઓની હત્યા. ૪. ૨૧ નવેમ્બર ૨૦૧૬એ ૩૨ શિયાઓની હત્યા. ૫. ૧ ઑગસ્ટ ૨૦૧૭એ ૩૩ શિયાઓની હત્યા. ૬. ૨૫ ઑગસ્ટ ૨૦૧૭એ ૩૫ શિયાઓની હત્યા. ૭. ૨૦ ઑક્ટોબર ૨૦૧૭એ ૬૯ શિયાઓની હત્યા. ૮. ૨૮ ડિસેમ્બર ૨૦૧૭એ ૪૨ શિયાઓની હત્યા. ૯. ૨૧ માર્ચ ૨૦૧૮એ ૩૩ શિયાઓની હત્યા. ૧૦. ૧૮ ઑગસ્ટ ૨૦૧૯એ શિયાઓના લગ્નમાં બૉમ્બ ફાટતાં ૬૩નાં મૃત્યુ. ૧૧. ૬ માર્ચ ૨૦૨૦એ ૩૨ શિયાઓની હત્યા. ૧૨. ૧૨ માર્ચ ૨૦૨૦એ ૨૪ શિયાઓની હત્યા. ૧૩. ૨૫ ઑક્ટોબર ૨૦૨૦એ ૩૦ શિયાઓની હત્યા. ૧૪. ૮ માર્ચ ૨૦૨૧ એ ૫૦ શિયાઓની હત્યા. ૧૫. ૮ ઑક્ટોબર ૨૦૨૧ એ ૭૨ શિયાઓની હત્યા. ૧૬. ૧૫ ઑક્ટોબર ૨૦૨૧એ ૬૩ શિયાઓની હત્યા. ૧૭. ૨૧ એપ્રિલ ૨૦૨૨એ અફઘાનિસ્તાનમાં ૩૩ શિયાઓની હત્યા. ૧૮. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨એ બૉમ્બ ધડાકામાં ૫૩ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીનાં મૃત્યુ. ૧૯. નવેમ્બર ૨૦૨૩માં કાબુલના દશ્ત એ બારચી જિલ્લામાં બસ પર આક્રમણમાં સાતનાં મૃત્યુ ૨૦. ૨૧ માર્ચ ૨૦૨૪એ કંદહાર બેન્કમાં આત્મઘાતી બૉમ્બ ધડાકામાં ૨૧ શિયા માર્યા ગયા. ૨૧. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪ એ હાજીઓનું સ્વાગત કરવા ગયેલા ૧૪ શિયા હઝારાની આઈએસઆઈએસે હત્યા કરી.

આમ, શિયાઓ માત્ર અમેરિકા-ઈઝરાયેલના હાથે જ નથી માર્યા ગયા, સૌથી વધુ કદાચ, સુન્નીઓના દેશોમાં માર્યા ગયા છે.

The show must go on



# નરવા ગરવા નાટ્યર્ષિની વિદાય વેળાએ

કચ્છમાં એક અદભુત નિસર્ગોપચાર કેન્દ્ર છે. ગુજરાતના સર્વતોભદ્ર પ્રાકૃતિક ચિકિત્સા તજજ્ઞ દિવંગત ડૉ. જય સંઘવીનું જીવંત સપનું. ભચાઉથી માંડ વીસ એકવીસ કિમી દૂર આવેલ ખારોઈ ગામની સીમમાં એ હાજરાહજૂર આપણા કોઈ વસિષ્ઠ કે વિશ્વામિત્ર જેવા સતયુગના ઋષિમુનિની તપોભૂમિ જેવું લાગે. તમે આવી પવિત્ર જગ્યાએ પહોંચતાં વેંત રાજુભાઈ અને કાખઘોડીના સહારે ચાલતાં નફીસાબહેન જેવા કલાધર્મી યુગલને જુઓ ત્યારે ભીતરમાં એક જુદી જ ભાતની ઝણઝણાટી ઉપડે કે નહીં? અમે જે થોડા દિવસો એ આરોગ્યપ્રદ તપોવનમાં સાથે રહ્યાં એ સમય મારા જીવનની યાદગાર ક્ષણો સ્વરૂપે આજીવન ધબકતો રહેશે. રાજુ બારોટ અને નફીસાબહેનનું જીવન કોઈ રોમાંચક નવલકથાનો વિષય બની શકે એવું છે. મેં કોમી સંવાદિતા જેવા વિષય પર બે નવલકથાઓ તો લખેલી છે. 'ઊધઈ' અને 'ધર્મયુદ્ધ'. ત્રીજી લખવાની ચાનક ચડી જાય એવું જીવન મારી નજર સામે હતું. કમનસીબે એ અકાળે ખંડિત થઈ ગયું છે. મારે એમની સામે પલાંઠી વાળીને બેસવું હતું. મંચનક્ષમ નાટક લખવાનું શીખવું હતું. મારી વાર્તાઓ અને નવલકથાઓમાં ભારોભાર નાટ્યક્ષમ ઘટનાઓ અને સંવાદો છે એવું એ વારંવાર કહેતા. હું નાટકની મહત્તા સમજું છું અને એને પણ માનું છું. પરંતુ મંચનકળાથી અજાણ હોઈ સાહિત્યિક વાંચનક્ષમ નાટક જ લખતો રહ્યો છું.

**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

મુરબ્બી મિત્ર હસમુખભાઈ બારાડીને પણ મારી આ મર્યાદાઓનો ખ્યાલ હતો એટલે મને વારંવાર નાટ્યલેખન શિબિરમાં હાજર રહી તાલીમ લેવા તાકીદ કરતા રહેતા. એવી રીતે મારી જ એક વાર્તા 'પટકથા'નું નાટ્ય રૂપાંતર મેં જાતે કરેલું છે. મહેશ ચંપકલાલને એ મૂળ વાર્તા કરતાં પણ વધારે કલાત્મક લાગ્યું હતું!

રાજુભાઈ મારે મન નાટ્યર્ષિ હતા. નરવાગરવા નાટ્ય ઋષિ. એમને સરસ્વતીનું જન્મજાત વરદાન હતું, બારોટ પરિવારના સંતાન લેખે. વળી પ્રચંડ વ્યક્તિત્વ હતું.યોદ્ધાથી લઈ રાજા કે ફિલસૂફના કિરદારમાં જામે એવું.એમણે દિલ્હીની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં તાલીમ લઈને એની અમદાવાદમાં લહાણી કરી. મૃતપ્રાય ગુજરાતી રંગભૂમિને પુનર્જીવિત કરી. આ કોઈ નાનું-સૂનું પ્રદાન નથી. ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની એ એક એવી પ્રચ્છન્ન ઘટના છે જે ભલે ધુરંધરોને ન દેખાઈ હોય પણ આવનારી પેઢીઓ એની ઓશિંગણ રહેશે એમાં શંકાને સ્થાન નથી. રાજુ બારોટ એક સીમાચિહ્ન બની ગયા છે, ગુજરાતી રંગભૂમિના ઈતિહાસનું. એમણે નિર્વ્યાજ ભાવે પોતાની નાટ્યકલાનો ગુલાલ ઉડાડીને વિદાય લીધી છે એટલે પોતે કંઈ કરી ન શક્યા એવો અફસોસ એમને નહીં જ રહ્યો હોય, છેલ્લા શ્વાસ વખતે પણ. અલબત્ત જરા વધુ પડતી બેફિકરાઈથી જીવવા ટેવાયેલા હોઈ કડકડતી ઠંડીમાં હિમાલયની ગોદમાં સંચર્યા એ જાણી જોઈને વહોરેલું જોખમ હતું અને તે એમને મોંઘું પડ્યું એ હકીકત સ્વીકારવી જ રહી. જન્મ મરણ ઉપરવાળો નક્કી કરતો હોય અને એનું સ્થળ પણ એની જ ઈચ્છા મુજબ પૂર્વનિર્ધારિત હોય તો આપણે હરખશોક કરવાનો અર્થ જ નથી. એ સાચું કે હજી બધી રીતે સક્રિય લાગતા હતા એટલે એકાદ દાયકો ખેંચી શક્યા હોત તો આપણી રંગભૂમિના નવલોહિયા અને લવરમૂછિયા કલાકારોને ઘણી વધારે તાલીમ આપી શક્યા હોત, પણ આવું જ પેલા સ્થૂળકાય નિમેષ દેસાઈ વિશે પણ કહી શકાય! એ પણ જૂની રંગભૂમિનાં ગીતો લલકારતો હતો અને સાહસિક વિષયો પર નાટકો ભજવતો હતો. ખુદ બારાડી સાહેબની પણ કેવી વસમી ખોટ પડી છે ગુજરાતી રંગભૂમિને! પ્રયોગશીલ નાટકો ભજવવાની ગંગોત્રી બનીને જીવ્યા અને પાઈપ ફૂંકતા ફૂંકતા વટથી વિદાય થઈ ગયા. કોઈએ પોતાના કર્તૃત્વની નોંધ લીધી કે નહીં એની પણ પરવા કર્યા વગર. પાછળ થિયેટર મીડિયા સેન્ટર છે અને મન્વિતા જેવી સુયોગ્ય વારસદાર છે. પછી બારાડી સાહેબ શું કામ ખોટા લોહી ઉકાળા કરે? અદ્દલ એવી જ મનઃસ્થિતિ રાજુભાઈની હશે. કાખઘોડીના ટેકે ચાલતાં જીવન સંગિની તો કદાચ એમના કરતાં પણ વધુ હિંમતવાળાં! આટલી શારીરિક મર્યાદાઓ સાથે પણ એ સતત રાજુભાઈની સાથે હરતાં ફરતાં રહ્યાં હતાં અને આજે મનનો માણીગર મોટા ગામતરે પલાણી ગયો છે ત્યારે પણ એ એની સ્મૃતિઓના સહવાસમાં એકલાં રહેવાનું પસંદ કરે છે. સ્વજનોએ પોતાની સાથે લઈ જવા આગ્રહ કર્યો હતો એ એમણે વિવેકપૂર્વક પાછો ઠેલી 'એકલો જાને રે'વાળી હાક સાંભળી લીધી છે અને જાત સંભાળી લીધી છે.

કલાકાર એના સમય અને સમાજનો સાચો પ્રતિનિધિ બની રહે છે. એ સમાંતર અને નવી પેઢી માટે અજાણતાં જ એક રોલમોડેલ બની જતો હોય છે. રાજુભાઈ આવા આદર્શ રોલમોડેલ બની ગયા હતા જેનો ખુદ એમને કે નફીસાબહેનને અણસાર સરખો નહોતો. બેઉ અલગ અલગ જીવન શૈલી અને પૂજા પદ્ધતિને વરેલી હસ્તીઓ છતાં જીવન કેવું મંગલગાન બની ગયું હતું! જાણે ઝમઝમ ઝરણું ગંગામાં સમાઈ ગયું હતું! આજે ધરમકરમના મુદ્દે સમાજમાં ઊભી થઈ ગયેલી તિરાડોનો આ કલાકાર યુગલ નેત્ર દીપક ઉકેલ નહોતો શું? પણ આપણા જડ અને જરઠ સમાજ કે સરકારને એની નોંધ સુધ્ધાં લેવાની ફુરસદ ક્યાં હતી?

રાજુભાઈની ઓચિંતી વિદાય પછી ઊભા થયેલા ખાલીપાએ એ રહસ્ય ઉજાગર કરી દીધું છે. હવે કોણ કરશે પેલા પરિશ્રમ માગી લેતા નાટ્ય પ્રયોગોની પહેલ? કોણ ગાશે બુલંદીથી જૂની રંગભૂમિનાં ગીતો? કોણ તૈયાર કરશે ઊછરતી પેઢીના ઊછળતા વછેરાઓને ગિરા ગુર્જરીની રંગભૂમિ પર એમની છૂપી ટેલંટની પ્રસ્તુતિ કરવા? અરે આ માણસને અઘરામાં અઘરી નવલકથાઓ અને સંસ્કૃત નાટકો ભજવવાની ચાનક ચડી જતી ત્યારે એ શો સફળ થશે કે નહીં, ઓડિયંસ આવશે કે નહીં તેની પણ પરવા નહોતી રહેતી. એ તો કલાકારની ખરી ઓળખ સમું સૂત્ર પચાવીને બેઠો હતોઃ The show must go on! મેં એમને લઘુ નાટ્ય પ્રયોગોથી માંડી 'સોક્રેટિસ' અને 'મૃચ્છકટિક' જેવાં નાટકો ભજવતા જોયા છે. એમની રણહાક ગીતો સ્વરૂપે સાંભળીને ધન્યતા અનુભવી છે. લેખની શરૂઆતમાં જે નિસર્ગોપચાર કેન્દ્રમાં અચાનક ભેટો થઈ ગયો હતો ત્યાં એમને ડિનર પછી યોજાતી સંગોષ્ઠિના વક્તા તરીકે નજીક બેસીને માણ્યા છે. એચ. કે. હોલથી લઈ ગાંધીનગરના ટાઉન હોલ ખાતે ગ્રીન રૂમમાં અને મંચ પર એમને બિરદાવ્યા છે. હવે એ લહાવો સ્મૃતિશેષ ખજાનો બની ગયો છે. છતાં એક અફસોસ જરૂર રહી ગયો છે કે એમના પાર્થિવ દેહને કાંધ આપવા કે એમની શ્રદ્ધાંજલિ સભામાં અનિવાર્ય સંજોગો સરજાતાં હાજરી નહોતી આપી શકાઈ. નફીસાબહેનને તે દિવસે જોડેલો ફોન પણ રાજુભાઈનાં બહેને ઉપાડેલો.

ગુજરાત અને ગુજરાતી રંગભૂમિને તો એમની વિદાયથી ક્યારેય ન પુરાય એવી ક્ષતિ થઈ જ છે, પણ અંગત રીતે મને તો કારી ઘા વાગ્યો છે. મારી વિદુર કેન્દ્રી નવલકથા 'શૂદ્રાવતાર' પર એ ગંભીરતાપૂર્વક કામ કરવા માગતા હતા. એને એ સિરિયલ અથવા ફિલ્મ સ્વરૂપે ઢાળવા

**ગુજરાતના સર્વતોભદ્ર પ્રાકૃતિક ચિકિત્સા તજજ્ઞ દિવંગત ડૉ. જય સંઘવીનું જીવંત સપનું. ભચાઉથી માંડ વીસ એકવીસ કિમી દૂર આવેલ ખારોઇ ગામની સીમમાં એ હાજરાહજૂર આપણા કોઇ વસિષ્ઠ કે વિશ્વામિત્ર જેવા સતયુગના ઋષિમુનિની તપોભૂમિ જેવું લાગે**

વિચારતા હતા. એમાં મારા પ્રત્યેનો સદભાવ તો હશે જ પણ સવિશેષ નવલનાયક વિદુર માટેનો આદરભાવ હતો.

એમણે એક 'એપિસોડ' તો લખી પણ દીધો હતો. સપનામાં પણ મળી જાય તો પૂછવું છેઃ યાર, તમે તો ખરી ઉતાવળ કરી! હવે મારી 'શૂદ્રાવતાર'નું બેલી કોણ થશે? આપણે આ મહાન કલાકારની સ્મૃતિ અકબંધ રહે એ માટે કંઈક તો કરવું પડશે. સ્મૃતિવ્યાખ્યાન શ્રેણી, નાટ્ય સ્પર્ધા, research ફેલોશિપ ...

કાળદેવતા એમને અને પાછળ રહી ગયેલા આપણને જંપીને થોડા બેસવા દેશે? એમને પગ વાળીને બેસવું નહોતું ગમ્યું એ બાબત આપણને ભુલાવી ન જોઈએ.

ફરી એકવાર આપણે એમને વચન આપવું પડશેઃ રાજુભાઈ, ફિકર ના કરોઃ The show will go on!